# ઝેનેસિસ-૨૦૧૭માં રોબો-વૉર તથા રોબો-રેસનો રોમાંચક માહોલ સર્જાયો

## એલડીઆરપી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના દસમા ટેકનિકલ ફેસ્ટિવલ ઝેનેસિસ-૨૦૧૭માં ૩૫થી વધુ સ્પર્ધાઓમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો






ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે એલડીઆરપી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્સનો દસમો ઝેનેસિસ ફેસ્ટિવલ યોજાયો હતો. ઝેનેસિસ-૨૦૧૭માં ચાર વર્કશોપ ઉપરાંત ૩૫થી વધુ સ્પર્ધાઓમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ ટેકનિકલ ઈવેન્ટમાં રોબોરેસ, રોબોટિક્સ, રોબોટિક્સ વર્કશોપ, રોબોવૉર, પ્રોગ્રામિંગ કોમ્પિટીશન, બ્રેઈન મેપિંગ, એક્સ-પ્રોડક્ટ, એક્સ-ઝુમ, પાણીમાં ચાલતા રોબોટ તથા ઈલેકટ્રિક અને ઈલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી છે.

ઝેનેસિસ-૨૦૧૭ના ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, કેએસવીના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડિયા તથા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા તેમના ઉદ્‌બોધનમાં ઈજનેરો જ રાષ્ટ્રનું નિર્માણ કરે છે તેવુ જણાવતા વધુ ને વધુ ઈનોવેટિવ પ્રોજેક્ટસ પર ભાર મુકવા સલાહ આપી હતી. આ પ્રસંગે કેએસવીના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડિયાએ સમાજને ઉપયોગી બને તેવા સંશોધનો કરવા વિદ્યાર્થીઓને આહ્‌વાન કર્યુ હતુ.

સમગ્ર એલડીઆરપી કેમ્પસને ખૂબ જ નવીનતમ આઈડિયાઝનો ઉપયોગ કરી શણગારવામાં આવ્યુ છે. તેમજ તમામ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહૂર્વક ભાગ લીધો હતો. રોબો રેસ અને રોબો વૉર જેવી ઈવેન્ટ્સમાં યુવા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ રહી હતી અને પ્રતિસ્પર્ધીઓને તેમણે હર્ષની ચિચિયારીઓથી સપોર્ટ પુરો પાડ્યો હતો. આવતીકાલે ઝેનેસિસ-૨૦૧૭નું સમાપન યોજાશે. જેમાં ઈવેન્ટની વિજેતા કૃતિઓના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે.

## આજે સંસ્કૃતિનો 'મુંબઈના પ્રસિદ્ધ અને લોકપ્રિય ગાયક કલાકારોના સથવારે..' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ના આખરી કાર્યક્રમરૂપે હિન્દી ફિલ્મોના નૂતન, મનભાવન, મનપસંદ ગીતોને માણવાના અવસર સ્વરૂપે 'મુંબઈના પ્રસિદ્ધ અને લોકપ્રિય ગાયક કલાકારોના સથવારે..' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૫મી માર્ચ શનિવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં હિરેન પરમારના સંગીત નિર્દેશનમાં ગાયકો રવિન્દ્ર શિંદે, રૂપશા, કેશવ બરૂઆ, હેતી ઝવેરી તથા હિરેન જોષી તેમનું પરફોર્મન્સ આપશે. કાર્યક્રમનું દિગ્દર્શન તથા પરિકલ્પના ધર્માંશુ રાવલ અને દર્શિતા રાવલ દ્વારા કરવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના ચ્હા આજથી બંધ... ચ્હા વાળાએ અમને હરાવી દીધા તેને બદલો લેવા જિંદગીભર નહીં પીઉં...!!

## વિદ્યાર્થીઓ ડાયવર્ટ કરવા એક પ્રી-સ્કૂલનો માલીક બીજી પ્રી-સ્કૂલમાં નોકર બન્યો..!

### ૯૨૧ કીડ્ઝ હેવન પ્રી-સ્કૂલના માલીકે રંગોલી પ્રી-સ્કૂલમાં નોકરી શરૂ કરી ડેટા ચોરી કરીને વિદ્યાર્થીઓ પોતાની સ્કૂલમાં ડાયવર્ટ કરતાં પોલીસ ફરિયાદ : ઈન્ફોસીટી પોલીસે પતિ-પત્નિ સામે ગુનો નોંધીને તપાસ આરંભી

ગાંધીનગર, તા. ૨૪

શાળા-કોલેજો અને કોમ્પીટેટીવ એક્ઝામના ક્લાસીસમાં હાલના ગળાકાપ હરિફાઈ ચાલી રહી છે. ત્યારે હવે પ્રી-સ્કૂલમાં પણ આવી જ હરીફાઈ ચાલી રહી હોવાનું ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરમાં એક વિચિત્ર કિસ્સો બન્યો હોવાનું ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયો છે. જાણીતી પ્રી-સ્કૂલ રંગોલીમાં આવતા વિદ્યાર્થીઓને પોતાની પ્રી-સ્કૂલમાં ડાયવર્ટ કરવા માટે માલીકે રંગોલીમાં નોકરી કરી રંગોલીનો ડેટાબેઝ ઉઠાવી તેના ગ્રાહકો (વિદ્યાર્થીઓ) પોતાની પ્રી-સ્કૂલ ૯૨૧ કિડ્ઝ હેવનમાં ડાયવર્ટ કરી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ પતિ-પત્નિ સામે રંગોલી પ્રી-સ્કૂલના માલીકે નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે આવેલી રંગોલી પ્રી-સ્કૂલની ઓફીસમાં આ છેતરપીંડી થવા પામી છે. અડાલજ સ્વાગત સીટીમાં રહેતા પ્રહરભાઈ અંજારીયા પ્રથમ એજ્યુકેર પ્રા.લી. કંપનીના માલીક છે. આ કંપનીના માધ્યમથી પ્રહરભાઈ રંગોલી પ્રી સ્કૂલ ચલાવે છે. રંગોલી પ્રી સ્કૂલમાં નરોડાનો સંજય રમેશભાઈ ગુલાણીએ સેલ્સ મેનેજર તરીકે નોકરી શરૂ કરી હતી. વર્ષ ૨૦૧૫થી નોકરી ચાલુ કર્યા બાદ સંજય અને તેની પત્નિ નેહા ગુલાણીએ મળીને રંગોલી પ્રી-સ્કૂલના માલીક સાથે છેતરપીંડી શરૂ કરી દીધી હતી. સંજય અને તેની પત્નિ ૯૨૧ કીડ્સ હેવન પ્રી સ્કૂલના માલીક છે. રંગોલીમાં નોકરી કરીને કંપનીના પ્રી-સ્કૂલનો ડેટાબેઝ તથા ઈન્ફાસ્ટ્રક્ચરનો ડેટા પોતાના પર્સનલ મેઈલમાં લઈને છુપી રીતે પોતાની પ્રીસ્કૂલ ચાલુ કરી દઈને કંપનીને નુકશાન કરી વિદ્યાર્થીઓ ડાયવર્ટ કરી લીધા હતા. તે ઉપરાંત કંપનીના એમ.ઓ.યુ. તથા દસ્તાવેજોની કોપી કરી આ તમામ ડેટાબેઝ નષ્ટ કરીને કંપનીમાં રાજીનામુ આપી દઈ પોતાનો ગુનાહિત ઈરાદો પાર પડ્યો હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે સંજય ગુલાણી અને નેહા ગુલાણી સામે નોકર દ્વારા વિશ્વાસઘાત, છેતરપીંડી અને આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને પીએસઆઈ ડી.બી. વાળાએ તપાસ શરૂ કરી છે.

## અમીત શાહની બેઠક પર નિરીક્ષક તરીકે ડૉ. હિમાંશુ પટેલની નિયુક્તી કરાઈ

### જિલ્લાના આગેવાનો અરવિંદસિંહ સોલંકી, વિરેન્દ્રસિંહ વાઘેલા, અશ્વિન બારોટ, નિમિષ શાહ નિરીક્ષક તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણી માટે આજે પ્રદેશ સમિતિ દ્વારા ૧૮૨ બેઠકોના નિરીક્ષકોની નિયુક્તી જાહેર કરવામાં આવી છે. તેમાં જિલ્લાના પાંચ આગેવાનોનો સમાવેશ થતાં જિલ્લાના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

અમદાવાદ શહેરની મહત્વની ગણાતી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ જે બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે બેઠક માટે પ્રદેશ પ્રવક્તા, યુવા અગ્રણી અને સહકારી આગેવાન ડૉ. હિમાંશુ પટેલની નિરીક્ષક તરીકે નિયુક્તી કરવામાં આવી છે.

ડૉ. હિમાંશુ પટેલની સાથે ડીસા બેઠક માટે અશ્વિનભાઈ બારોટ, ખેરાલુની બેઠક માટે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, ભાવનગર



ગ્રામ્ય માટે પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને યુવા અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલા, અમદાવાદની અસારવા બેઠક માટે નિમિષ શાહની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લાના પાંચેય આગેવાનો સંગઠ્નની સફળતાપૂર્વકની જવાબદારી પણ સંભાળી રહ્યા છે તેમજ પક્ષના કસાયેલા આગેવાનો હોવાથી કાર્યકરોમાં ખુશીનો માહોલ વધુ જોવા મળી રહ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ વહેલી આવે તેવા સંકેતોને પગલે ગુજરાત કોંગ્રેસ દ્વારા ચૂંટણી તૈયારીઓ શરૂ કરી દીધી છે. અને તેના ભાગરૂપે સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવા પ્રદેશ કોંગ્રેસ દ્વારા વિધાનસભા બેઠક દીઠ નિરીક્ષકોની નિમણુંકો કરવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસના આગેવાનોની તાજેતરમાં મળેલી બેઠકમાં ટીકીટ ઈચ્છતા ઉમેદવારો પાસેથી ફોર્મ ભરાવવામાં આવ્યા હતા. અને સંભવિત ઉમેદવારોની પેનલ ૨૬મી મે થી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

